# રાજ્યમાં હજુ 72 કલાક સુધી હિટવેવ, ગરમીનો પારો ઊંચે જશે

**કંડલા** એરપોર્ટ પર સતત બીજા દિવસે પણ 44 ડિગ્રી

**રાજ્યમાં** 18મી એપ્રિલ સુધી ગરમી 41થી 44 ડિગ્રીની આસપાસ રહેશે

ગાંધીનગરઃ રાજ્યમાં અચાનક ગરમી વધી જવા સાથે ગરમીનો પારો કંડલા એરપોર્ટ પર સતત બીજા દિવસે પણ 44 ડિગ્રીએ પહોંચ્યો હતો. જ્યારે હજુયે આગામી 72 કલાક દરમિયાન રાજ્યમાં ગરમીનો પારો 2થી 3 ડિગ્રી વધવાની સાથે 18મી એપ્રિલ સુધી ગરમી 41થી 44 ડિગ્રીની આસપાસ રહેશે. આજે દિવસ દરમ્યાન રાજ્યમાં કંડલા એરપોર્ટ પર ગરમીનો પારો 44 ડિગ્રીએ પહોંચી ગયો હતો.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, રાજ્યમાં 16 થી 18 દરમ્યાન હિટવેવનું યલ્લો એલર્ટ જારી કરાયું છે. જેમાં ખાસ કરીને બનાસકાંઠા, સાબરકાંઠા, રાજકોટ અને કચ્છ અને દિવનો સમાવેશ થાય છે. આ ચાર જિલ્લાઓમાં ગરમીનો પારો 41થી 44 ડિગ્રીની આસપાસ રહેશે, તેવી વકી છે. ચાર દિવસ પછી ગરમીમાં 2થી 3 ડિગ્રીની રાહત મળશે. આ સાથે આગામી તા.17મી એપ્રિલ સુધીમાં દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્ર- કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવામાનની આગાહી કરાઈ છે.

રાજ્યમાં આજે પણ ગરમીના પ્રમાણમાં 2થી4 ડિગ્રીનો વધારો થયો છે. ખાસ કરીને કંડલા એરપોર્ટ પર ગરમીનો પારો 44 ડિગ્રીએ પહોંચ્યો હતો. જો કે હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી હતી કે રાજ્યમાં હવે 72 કલાક માટે સતત ગરમીનો પારો 2થી 3 ડિગ્રી સુધી ઊંચે જઈ શકે છે. 72 કલાક પછી ગરમીમાં 2થી3 ડિગ્રીની રાહત મળશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ,રાજ્યના અન્ય શહેરો પૈકી અમદાવાદમાં 43 ડિ.સે., ડીસામાં 41 ડિ.સે., ગાંધીનગરમાં 43 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 40 ડિ.સે.,વડોદરામાં 41 ડિ.સે., સુરતમાં 40 ડિ.સે., ભૂજમાં 41 ડિ.સે., નલિયામાં 42 ડિ.સે., કંડલા પોર્ટમાં 39 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 44 ડિ.સે., ભાવનગરમાં 38 ડિ.સે., રાજકોટમાં 42 ડિ.સે., સુરેન્દ્રનગમાં 43 ડિ.સે., મહુવા 40 ડિ.સે. અને કેશોદમાં 39 ડિ.સે. જેટલું મહત્તમ તાપમાન નોંધાવવા પામ્યું હતું.

**ઉનાળામાં પીવાના પાણીના આયોજન અંગે સીએમ ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ઉચ્ચસ્તરીય બેઠક મળી**

# સરદાર સરોવર ડેમ સહિત રાજ્યનાં ૨૦૭ જળાશયોમાં ૧૪,૨૬૯.૭૩ મિલિયન ઘન મીટર પાણી

**રાજ્યમાં** ઉત્તર ગુજરાતનાં ૮, મધ્ય ગુજરાતનાં ૬, દ.ગુજરાતનાં ૪ અને સૌરાષ્ટ્રનાં ૩૫ તથા કચ્છનાં ૯ મળી કુલ ૬૨ જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત

ગાંધીનગરઃ સીએમ ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ઉનાળા દરમિયાન રાજયમાં પ્રજાજનોને સરળતાથી પીવાના પાણીની પૂરતી ઉપલબ્ધિ થાય તે માટેના આયોજનની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કરી હતી. મુખ્યમંત્રીએ આ હેતુસર પાણી પુરવઠા વિભાગ, જળ સંપત્તિ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ ત્રણેયના સંકલનથી લોકોને પૂરતું પાણી મળે તે સુનિશ્ચિત કરવાના દિશા નિર્દેશો આપ્યા હતા.

મુખ્યમંત્રી સમક્ષ આ બેઠકમાં કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં રાજ્યના જળાશયોની હાલની સ્થિતિ તેમજ પાણી પુરવઠા વિભાગ દ્વારા લોકોને સરળતાથી પીવાનું પાણી મળી રહે તે માટેની કામગીરીનું વિવરણ આપવામાં આવ્યું હતું.આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં હાલ ૬૨ જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત રાખવામાં આવ્યું છે. એટલું જ નહીં, સરદાર સરોવર ડેમ સહિત કુલ ૨૦૭ જળાશયોમાં ૧૪,૨૬૯.૭૩ મિલિયન ઘન મીટર પાણી સંગ્રહિત થયેલું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ કરીને કચ્છ જિલ્લામાં પીવાના પાણીની કોઇ મુશ્કેલી ન થાય તેને ધ્યાને લઈને ટપ્પર ડેમમાં વર્ષ દરમિયાન જરૂરિયાત પ્રમાણે નર્મદા કેનાલથી પાણી ભરવા અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વલ્લભીપુર બ્રાન્ચ કેનાલમાં પૂરતા પ્રમાણમાં નર્મદા જળ ઉપલબ્ધ કરાવવા અંગે સરદાર સરોવર નર્મદા નિગમને જણાવ્યું હતું.

રાજયના કુલ ૧૮૧૫૨ ગામો/ ૨૯૨ શહેરો પૈકી ૧૫૭૨૦ ગામો/ ૨૫૧ શહેરોને ૩૭૨ જેટલી જૂથ યોજનાઓ દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. જેમાં ૧૦૬૫૯ ગામો/ ૧૯૦ શહેરોને નર્મદા આધારીત યોજનાથી તેમજ ૫૦૬૧ ગામો તથા ૬૧ શહેરોને અન્ય ડેમ આધારીત યોજનાથી પાણી પુરું પાડવામાં આવી રહ્યું છે, તેની વિગતો પાણી પુરવઠા વિભાગે પુરી પાડી હતી. આ ઉપરાંત પાણી પુરવઠાની સ્થિતિ પર દેખરેખ રાખવા માટે ગાંધીનગરમાં ૨૪x૭ કંટ્રોલ રૂમ અને ૧૯૧૬ ટોલ ફ્રી નંબર કાર્યરત કરવામાં આવ્યો છે. .સીએમ ભૂપેન્દ્ર પટેલે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા સરદાર સરોવર ડેમમાંથી પાણી ઉપલબ્ધ થાય તે માટેના આયોજન અંગે પણ નિગમના સી.એમ.ડી. મુકેશ પુરી સાથે ચર્ચા પરામર્શ કર્યા હતા.

## ખ્યાતિ હોસ્પિટલ કાંડના મુખ્ય આરોપી કાર્તિક પટેલ સામે ચાર્જશીટ ફાઇલ કરાઈ

અમદાવાદઃ અમદાવાદ સહિત રાજ્યભરમાં ચકચાર મચાવનાર ખ્યાતિ હોસ્પિટલ કાંડના મુખ્ય આરોપી કાર્તિક પટેલ સામે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા 6 હજારથી વધુ પાનાની ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે. આ અગાઉ આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા 8 આરોપીઓ વિરુદ્ધ 7મી ફેબ્રુઆરીના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જે તે વખતે આરોપી કાર્તિક પટેલ વિરુદ્ધ તપાસ ચાલતી હોવાથી આજે ક્રાઈમ બ્રાન્ચે કાર્તિક પટેલ સામે પુરવણી ચાર્જશીટ દાખલ કરી છે. ક્રાઈમ બ્રાન્ચના સુત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદની ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ કાંડમાં અત્યાર સુધીમાં 9 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાંથી 8 આરોપીઓ વિરુદ્ધ અગાઉ 7 ફેબ્રુઆરી 2025ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જ્યારે આજે મુખ્ય આરોપી કાર્તિક પટેલ વિરુદ્ધ પુરવણી ચાર્જશીટ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવી છે. આ કેસમાં કુલ 130 વ્યક્તિઓની પૂછપરછ કરી નિવેદનો લેવામાં આવ્યા છે. જ્યારે સીઆરપીસી 164 મુજબ કુલ 7 સાક્ષીઓના નિવેદનો લેવડાવવામાં આવ્યા છે. જ્યારે એકની નિવેદન લેવડાવવાની કાર્યવાહી ચાલુ છે.

# અમદાવાદમાં અસામાજિક તત્ત્વો હજુ પણ બેફામ, ઘાતક હથિયારો સાથે આતંક મચાવ્યો

**રખિયાલ** વિસ્તારમાં જૂની અદાવતમાં હુમલાની ઘટનાનો વિડીયો વાયરલ થયો

**પોલીસે** આતંક મચાવનાર પૈકી સાતની ધરપકડ કરી

અમદાવાદઃ અગાઉ હોળીના દિવસે અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં લુખ્ખા તત્વોએ જાહેરમાં આતંક મચાવ્યો હતો. આ ઘટના બાદ પોલીસની ખૂબ જ બદનામી થતાં પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી હતી, તેમ છતાં અમદાવાદની સ્થિતિ હજુ પણ જાણે કોઈ સુધારો થયો ન હોય તેવું લાગી રહ્યું છે. ફરી એક વખત ગઈકાલે 14મી એપ્રિલના રાત્રે રખિયાલ વિસ્તારમાં કેટલાક અસામાજિક તત્વોએ ઘાતક હથિયારો સાથે આતંક મચાવ્યો હતો.

શહેરના રખિયાલ વિસ્તારમાં અજીત મીલ ચાર રસ્તા પાસે અજીત રેસિડેન્સીમાં 7 થી 8 અસામાજિક તત્વોએ તલવાર, લાકડી, ધોકા, પાઈપો સાથે આતંક મચાવી, જૂની અદાવતમાં સલમાનખાન પઠાણ અને તેના પાડોશીના ઘર ઉપર હુમલો કર્યો હતો.

આ ઘટનાના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ફરી એક વખત પોલીસ એક્શનમાં આવી હતી અને જાહેરમાં આતંકનો માહોલ સર્જનાર આરોપીઓ પૈકી સાત આરોપીની ધરપકડ કરી પોલીસે તેઓને પાઠ ભણાવ્યો હતો.

# મુર્શિદાબાદનાં હિન્દુ પરિવારો પોતાના જ દેશમાં શરણાર્થી બની ગયાં છે



ટુ ધ પોઇન્ટ

સમકિત શાહ

પશ્ચિમ બંગાળ ભારતમાં છે કે પાકિસ્તાનમાં તેવો પ્રશ્ન પેદા થયો છે. પશ્ચિમ બંગાળને વક્ફ કાયદાના નામે સળગાવવામાં આવી રહ્યું છે. મુર્શિદાબાદ સંપૂર્ણપણે હિંસાની પકડમાં છે. લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી રહી છે. નવા વક્ફ કાયદાને લઈને થયેલી હિંસામાં અત્યાર સુધીમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે. આમાં ૭૨ વર્ષીય હરગોવિંદ દાસ અને તેમના ૪૦ વર્ષીય પુત્ર ચંદનદાસનો સમાવેશ થાય છે. બંનેને તેમના ઘરમાંથી ખેંચીને બહાર કાઢવામાં આવ્યા હતા અને ટોળાંએ તેમની હત્યા કરી હતી. જો કે ૨૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને પોલીસ દાવો કરે છે કે પરિસ્થિતિ સામાન્ય થઈ રહી છે, પરંતુ હિંસાગ્રસ્ત વિસ્તારો છોડીને ગયેલાં હિન્દુ લોકોને આ વાતની ખાતરી નથી. મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા મુર્શિદાબાદમાંથી ઘણાં હિન્દુઓ પોતાનો જીવ બચાવવા માટે ઘર છોડીને ભાગી ગયાં છે. કોઈક રીતે BSFના કારણે તેનો જીવ બચી ગયો છે. આ લોકો પોતાનું રક્ષણ કરી રહ્યાં છે. પરલાપુર શાળા હવે રાહત શિબિરમાં પરિવર્તિત થઈ ગઈ છે. અહીં સેંકડો પરિવારો રહે છે. મુર્શિદાબાદ હિંસાને કારણે લગભગ ૪૦૦ થી ૫૦૦ હિન્દુઓએ તેમનાં ઘર છોડીને આ શાળામાં આશરો લીધો છે. આ પરિવારો ગંગા પાર કરીને અથવા ૬૦ કિલોમીટર ચાલીને અહીં પહોંચ્યાં છે. અહીં આવેલાં પરિવારોને ખબર નથી કે તેઓ ક્યારે પોતાના ઘરે પાછા ફરશે? મુર્શિદાબાદની આગ હવે અન્ય વિસ્તારોમાં ફેલાઈ રહી છે.

પરલાપુર શાળામાં આશ્રય લેનારી ૨૪ વર્ષીય સપ્તમી મંડલ કહે છે કે તે પોતાના જ દેશમાં શરણાર્થી બની ગઈ છે. ધુલિયાણમાં રહેતી સપ્તમીના પતિ કોલકાતામાં મિકેનિક તરીકે કામ કરે છે. મુર્શિદાબાદ હિંસાની પીડા વર્ણવતાં તે કહે છે કે શુક્રવારે ટોળાંએ અમારા પાડોશીના ઘરને આગ લગાવી દીધી અને અમારા ઘર પર પથ્થરમારો કર્યો. હું અને મારાં માતાપિતા અંદર છુપાઈ ગયાં અને સાંજે જ્યારે ભીડ ગઈ ત્યારે બહાર આવ્યાં. ત્યાં સુધીમાં BSF એ પેટ્રોલિંગ શરૂ કરી દીધું હતું. અમારી પાસે ફક્ત એ જ કપડાં બાકી છે જે અમે પહેર્યાં હતાં. બીએસએફની મદદથી અમે ગંગા નદીના ઘાટ પર પહોંચ્યાં હતાં. અમે હોડીમાં બેસીને નદી પાર કરી. પરલાપુર હાઈસ્કૂલમાં આશરો લઈને રહેતાં હિન્દુ પરિવારો સુતી, ધુલિયાણ અને સમસેરગંજ જેવા વિસ્તારોનાં વતની છે.

આ પહેલાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ પશ્ચિમ બંગાળમાં બાંગ્લા દેશીઓની ઘૂસણખોરી અંગે મમતા બેનર્જી સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા છે. અમિત શાહે કહ્યું હતું કે સરહદ પર વાડ કર્યા પછી પણ લગભગ ૨૫૦ કિ.મી.નો વિસ્તાર એવો છે જ્યાં નદીઓ, નાળાંઓ અને મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓને કારણે વાડ લગાવવી શક્ય નથી. ૪૦૦ કિલોમીટર લાંબી સરહદ છે, જ્યાં બંગાળ સરકાર અમને વાડ કરવા માટે જમીન આપી રહી નથી. તેમણે દાવો કર્યો હતો કે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બાંગ્લા દેશથી સરહદ પાર કરનારાં ઘૂસણખોરોને ભારતીય દસ્તાવેજો મેળવવાની મંજૂરી આપી હતી. આ બધા મતદાર કાર્ડ બંગાળના ઉત્તર ૨૪ પરગણાં જિલ્લામાં બનાવવામાં આવ્યા છે. મમતાનું આ વલણ મુર્શિદાબાદની વસ્તી પરથી સમજી શકાય છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, મુર્શિદાબાદ જિલ્લાની કુલ વસ્તી ૭૧,૦૩,૮૦૭ છે. આ જિલ્લો મુસ્લિમ બહુમતી ધરાવતો છે, જ્યાં લગભગ ૭૦% વસ્તી મુસ્લિમ સમુદાયની છે. એટલે કે લગભગ ૪૯.૭ લાખ મુસ્લિમો અને ૨૧.૩ લાખ હિન્દુઓ છે. બહુમતી મુસ્લિમ વસ્તી ધરાવતો આ જિલ્લો ટીએમસીની મજબૂત વોટ બેંક છે. મમતાની કૂણી લાગણી આ વોટ બેંકને ગુસ્સે ન કરવા માટે એક રણનીતિ છે, કારણ કે લઘુમતી સમુદાયનો ટેકો તેમની શક્તિની ચાવી છે.

નવા વક્ફ કાયદાના વિરોધના નામે પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં થયેલી હિંસા અંગે કેન્દ્રીય તપાસ એજન્સીઓએ ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તપાસમાં હવે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ હિંસા પાછળ બાંગ્લા દેશ સ્થિત આતંકવાદી સંગઠન અંસાર ઉલ બાંગ્લા ટીમ (ABT) નો હાથ હોઈ શકે છે. ભારત-બાંગ્લા દેશ સરહદને અડીને આવેલા વિસ્તારોમાં ABT સ્લીપર સેલ સક્રિય છે, જેઓ લાંબા સમયથી આ તોફાનોનું આયોજન કરી રહ્યા હતા. છેલ્લા ૩ મહિનાથી વિસ્તારનાં લોકો આ ઘટનાને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા હતા. આ માટે વિદેશથી ભંડોળ પ્રાપ્ત થયું છે. કેન્દ્રીય તપાસ એજન્સીઓને મળેલા પુરાવા એ હકીકત તરફ નિર્દેશ કરે છે કે શરૂઆતમાં રામ નવમીની તારીખ નક્કી કરવામાં આવી હતી. જો કે, કડક સુરક્ષા વ્યવસ્થાને કારણે પરિસ્થિતિ બદલાઈ અને પછી નવા વક્ફ કાયદાએ તે ટ્રિગર પોઇન્ટ આપ્યો હતો. તપાસ એજન્સીને એવી પણ શંકા છે કે આ સ્લીપર સેલ મુર્શિદાબાદ સિવાય ભારત-બાંગ્લા દેશ સરહદ પરના અન્ય સરહદી જિલ્લાઓમાં પણ આવી જ હિંસા કરવાની યોજના બનાવી રહ્યું છે. તપાસ એજન્સીઓને ડિજિટલ નાણાંકીય વ્યવહારોના પુરાવા મળ્યા છે, જે દર્શાવે છે કે હિંસા કરવા માટે વિદેશી સ્રોતોમાંથી પૈસા મોકલવામાં આવ્યા હતા. આ પૈસાનો ઉપયોગ ભીડ એકઠી કરવા, સોશ્યલ મિડિયા પર ભડકાઉ સંદેશાઓ ફેલાવવા અને જમીન પર સંગઠનો બનાવવા માટે કરવામાં આવતો હતો. મુર્શિદાબાદ ઉપરાંત, નાદિયા, માલદા, ઉત્તર ૨૪ પરગણાં અને કૂચ બિહાર જેવા સરહદી જિલ્લાઓમાં હિંસા ફેલાવવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે.

સૂત્રોએ વિદેશી હસ્તક્ષેપને નકારી કાઢ્યો નથી અને કહ્યું છે કે જમાત-ઉલ-મુજાહિદ્દીન બાંગ્લા દેશ (JMB) અને હરકત-ઉલ-જીહાદ-અલ-ઇસ્લામી (HuJI) જેવાં જૂથો બાંગ્લા દેશ સરહદ અને સુંદરવન ડેલ્ટા સાથેના વિસ્તારોમાં શસ્ત્રો સપ્લાય કરી રહ્યાં છે. તાલીમ આપવા ઉપરાંત આ આતંકવાદી સંગઠનો કોમી ઉશ્કેરણીજનક પ્રચાર પણ કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સંગઠનો અશાંતિ ભડકાવવા અને ગભરાટ ફેલાવવા માટે અફવાઓ ફેલાવવા માટે વૈશ્વિક મિડિયાનો ઉપયોગ કરી રહ્યાં છે. આ CAA વિરોધ પ્રદર્શન દરમિયાન NRC ને મુસ્લિમોની નાગરિકતા છીનવી લેવા તરીકે પ્રચારિત કરવામાં આવ્યું હતું તેના જેવું જ છે. વિરોધ પ્રદર્શન દરમિયાન ધરપકડ કરાયેલાં લોકોનો પણ હીરો તરીકે મહિમા કરવામાં આવી રહ્યો છે.

હવે ગુપ્તચર સૂત્રોએ શોધી કાઢ્યું છે કે વક્ફ વિરુદ્ધ ચાલી રહેલા હિંસક વિરોધ પ્રદર્શનો વર્ષ ૨૦૧૯ માં સમગ્ર ભારતમાં CAA વિરુદ્ધ થયેલા વિરોધ પ્રદર્શનો જેવાં જ છે. જો સૂત્રોનું માનીએ તો, વક્ફ વિરોધ પ્રદર્શનોમાં પણ એક સમાન ટૂલકીટ છે. ટેલિગ્રામ, સિગ્નલ અને વોટ્સએપ જેવી મેસેજિંગ એપ્સનો ઉપયોગ વિરોધ પ્રદર્શનોનું આયોજન કરવા, જવાબદારી સોંપવા અને રીઅલ-ટાઇમ સૂચનાઓ શેર કરવા માટે થઈ રહ્યો છે. આ પ્લેટફોર્મ પરના એન્ક્રિપ્ટેડ જૂથોનો ઉપયોગ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં પોલીસ સ્ટેશનો પર સંકલિત હુમલાઓ કરવા માટે કરવામાં આવતો હતો. નાકાબંધી, રેલ્વેના માળખા પર હુમલા અને સાંપ્રદાયિક સૂત્રો CAA વિરોધ પ્રદર્શનનાં મુખ્ય લક્ષણો હતાં. હવે વક્ફ સુધારા કાયદા સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન પણ એવી જ સ્થિતિ પ્રવર્તે છે. વિરોધીઓ પથ્થરો, પેટ્રોલ બોમ્બ, ટાયર અને વાંસની લાકડીઓ વગેરેનો ઉપયોગ કરી રહ્યા છે. CAA વિરોધ પ્રદર્શન દરમિયાન હાવડામાં રેલ્વે ટ્રેક પાસે પથ્થરોનો મોટો જથ્થો છૂપાવાયેલો હતો. હવે વક્ફના વિરોધ દરમિયાન ફરી એક વાર આવું જ ચિત્ર જોવા મળી રહ્યું છે. પ્રદર્શનકારીઓ હિન્દુઓની દુકાનો, પોલીસ સ્ટેશનો અને રેલ્વે માળખાને નિશાન બનાવી રહ્યાં છે. આ બધું સાંપ્રદાયિક તણાવ વધારવા અને મિડિયાનું ધ્યાન આકર્ષિત કરવા માટે કરવામાં આવી રહ્યું છે. પોલીસ બર્બરતાના જૂના ક્લિપ્સના નકલી વિડિયોને ગુસ્સો ભડકાવવા માટે વર્તમાન અત્યાચાર તરીકે રજૂ કરવામાં આવી રહ્યા છે. ૨૦૨૪ ની એક વિડિયો ક્લિપનો ઉપયોગ કરીને દાવો કરવામાં આવી રહ્યો છે કે પોલીસે નમાજમાં હાજર લોકો પર ગોળીબાર કર્યો હતો. આ ક્લિપ વાયરલ થઈ તેના કારણે માલદામાં રમખાણો ફાટી નીકળ્યાં હતાં.

હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે મુસ્લિમો યુપી, બિહાર અને મહારાષ્ટ્રમાં પણ હાજર છે. તો પછી અહીંનાં મુસ્લિમો આટલાં બેફિકર કેમ છે? શું આ રાજ્યોમાં મુસ્લિમો રહેતાં નથી? ખરેખર, આખો ખેલ રાજકીય છે. મમતા બેનર્જીની મતબેંક મુસ્લિમો છે. મુસ્લિમો જ્યાં સુધી અસલામતી અનુભવે ત્યાં સુધી જ તેઓ મમતાને મત આપે છે, માટે રમખાણોમાં ઘી હોમાઈ રહ્યું છે.

**બહુમતી મુસ્લિમ વસ્તી ધરાવતો આ જિલ્લો ટીએમસીની મજબૂત વોટ બેંક છે. મમતા બેનર્જીની કૂણી લાગણી આ વોટબેંકને ગુસ્સે ન કરવા માટે એક રણનીતિ છે**

# BUSINESS મિત્ર

**બ્રોડર માર્કેટમાં ફુલગુલાબી તેજીઃ સેન્સેક્સના 30માંથી માત્ર 2 શેર લાલ નિશાનમાં**

**90 દિવસ માટે ટેરિફમાંથી મુક્તિ અને સ્માર્ટફોન તથા ઇલે. ગુડઝ પરના ટેરિફ ટેમ્પરરી હટાવી દેવાના નિર્ણયથી ભારતીય શેરબજારને જોરદાર બુસ્ટ**

# સેન્સેક્સ 1578 પોઇન્ટ ઉછળ્યો, નિફ્ટીએ 23300ની સપાટી કુદાવી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 15:** ભારતીય શેરબજારમાં આજે ગેપ અપ ઓપનીંગ જોવા મળ્યું હતું, ત્યારબાદ શેરબજારમાં તેજી જળવાઇ રહી હતી અને ઉપલા સ્તરની આસપાસ બંધ રહેવામાં સફળ થયા હતા. જેના લીધે આજે સેન્સેક્સ 1578 પોઇન્ટ ઉછળી ગયો હતો, જ્યારે નિફ્ટીએ 23300 પોઇન્ટની સપાટી કુદાવીને બંધ રહી હતી. જેના પરિણામે રોકાણકારોની સંપત્તિમાં આશરે રૂ. 11 લાખ કરોડનો વધારો થયો છે.

અમેરિકાએ મુક્તિ દિવસ પુર્વેના સ્તર પર ભારતીય શેરબજાર પહોંચી ગયું છે. અમેરિકાએ 90 દિવસ માટે ટેરિફમાંથી મુક્તિ અને સ્માર્ટફોન તથા ઈલે. ગુડઝ પરના ટેરિફ ટેમ્પરરી હટાવી દેવાના નિર્ણયથી ભારતીય શેરબજારને જોરદાર બુસ્ટ મળ્યું છે અને તેના લીધે સેન્સેક્સના 30 શેરોમાંથી 28 શેરો ઉછળ્યા હતા, જ્યારે માત્ર બે શેર લાલ નિશાનમાં જોવા મળ્યા હતા. આજે અદાણી જુથના શેરોમાં પણ શાનદાર તેજી જોવા મળી હતી.

સેકટર વાઇઝ વાત કરીએ તો સૌથી વધુ રિયલ્ટી ઈન્ડેકસમાં તેજી જોવા મળી હતી. જે 5.64 ટકા ઉછળ્યા હતા. ત્યારબાદ ઓટો ઈન્ડેક્સ 3.39 ટકા, ફાઇનાન્સીયલ સર્વિસીસમાં 3.28 ટકા, મેટલમાં 3.20 ટકા અને ફાર્મા ઈન્ડેકસમાં 2.97 ટકા ઉછળ્યા હતા.

90 દિવસના મોકુફ રાખવાના નિર્ણય બાદ શેરબજારમાં તેજીનો સુસવાટો શરૂ થઇ ગયો છે. જેમાં ગત 11મીએ તેજીના મંડાણ જોવા મળ્યા હતા, જેમાં આજે આ તેજીનો દોર આગળ વધ્યો હતો. બીજી તરફ, વૈશ્વિક બજારોમાં પણ તેજી રહી છે, જેથી આ સપ્તાહમાં આ તેજી આગળ વધે તેવું લાગી રહ્યું છે.

બીએસઇ સેન્સેકસ 1577.63 પોઇન્ટ એટલે કે 2.1 ટકા વધીને 76734.89 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 1577.63 પોઇન્ટ એટલે કે 2.1 ટકા વધીને 76734.89 પોઇન્ટના સ્તરે બંધ રહેશે. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76907 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 76435 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 500 પોઇન્ટ એટલે કે 2.19 ટકા ઉછળીને 23300 પોઇન્ટની સપાટી કુદાવીને 23328.55 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23368 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23207 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1377.15 પોઇન્ટ એટલે કે 2.7 ટકા વધીને 52379.50 પોઇન્ટના સ્તર સુધી બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ભારતી હેક્ષાકોમમાં 3.1 ગણા, સોના બીએલડબલ્યુમાં 2.6 ગણા, ગોદરેજ પ્રોપર્ટીઝમાં 2.23 ગણા, જસ્ટ ડાયલમાં 2.15 ગણા અને ફોર્ટીસમાં 2.08 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સાઇ લાઇફસાયન્સીસમાં 12.31 ગણા, ડેટા પેટર્નમાં 10.71 ગણા, કેઇસી ઈન્ટરનેશનલમાં 4.47 ગણા, એલ્જી ઈકવીપમેન્ટમાં 4.43 ગણા અને ડોમ્સ ઈન્ડ.માં 4.38 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટે ફ્રન્ટલાઇન શેરો કરતા સુંદર પ્રદર્શન જોવાયું છે. બીએસઇ મિડકેપ ઈન્ડેકસ 3.02 ટકા અને સ્મોલકેપ ઈન્ડેકસ 3.21 ટકા વધ્યા છે. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયું હતું. બીએસઇ ખાતે 3304 શેરો વધ્યા હતા, જ્યારે 785 શેરો ઘટયા હતા અને 167 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેકસ 5.64 ટકા વધ્યા હતા.

## નબળા ડોલર ઇન્ડેક્સના લીધે રૂપિયો મજબૂત, 86ની નીચે

કરન્સી બજારમાં આજે શેરબજારની તેજીની પાછળ રૂપિયો પણ મજબૂત જોવાયો હતો. આ ઉપરાંત, ડોલર ઇન્ડેક્સ નબળો પડ્યો હતો, જેના લીધે આજે રૂપિયામાં શરૂઆતથી જ 86ની નીચે ખુલ્યો હતો, જે અંતે રૂપિયો 30 પૈસા મજબૂત થઇને 85.76ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં 86.06ના સ્તરે બંધ રહ્યો હતો. જોકે, આજે દિવસ દરમ્યાન રૂપિયો તૂટીને 86ની સપાટી તોડી નથી. ભારતીય શેરબજારમાં 2 ટકાથી વધુની તેજી જોવા મળી છે, જેની સામે ક્રુડ ઓઇલ પણ ઘટયું છે, ભારતના મેક્રો ઇકોનોમી ડેટાએ પણ અર્થતંત્રને મજબૂત કરી રહ્યાના અહેવાલની પાછળ રૂપિયાને વધુ ટેકો મળ્યો છે. મોંઘવારી દર 2.05 ટકા પર પહોંચી ગયો છે. જેનું 2.5 ટકાનું અનમાન હતું. જોકે, એફઆઇઆઇની વેચવાલીએ રૂપિયાની મજબૂતાઇને બ્રેક લગાવવાનું કામ કર્યુ છે. આશા છે કે, ટેરિફ સંબંધી ચિંતાઓમાં ઘટાડો થઇ રહ્યો છે અને નબળા ડોલરની વચ્ચે રૂપિયો વધુ મજબૂતાઇથી કામકાજ કરતો રહેશે. અન્ય કરન્સી બજારમાં યુરો 97.46, પાઉન્ડ 112.85, કેનેડિયન ડોલર 61.70, ઓસ્ટ્રેલિયન ડોલર 54.89, જાપાનીઝ યેન 0.6011 અને સીંગાપોર ડોલર 64.97ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1577.63 | 76734.89 |
| નિફ્ટી | 500.00 | 23328.55 |
| બેન્ક નિફ્ટી | 1377.15 | 52379.50 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 6.73 | 735.90 |
| શ્રીરામ ફાઇનાન્સ | 5.20 | 672.00 |
| ટાટા મોટર્સ | 4.56 | 622.20 |
| લાર્સન-ટુબ્રો | 4.55 | 3257.60 |
| અદાણી એન્ટર | 4.17 | 2418.20 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 0.27 | 420.40 |
| એચયુએલ | 0.20 | 2361.50 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 6.84 | 735.85 |
| લાર્સન-ટુબ્રો | 4.50 | 3257.40 |
| ટાટા મોટર્સ | 4.50 | 621.80 |
| એક્સીસ બેન્ક | 4.18 | 114.05 |
| અદાણી પોર્ટસ | 4.02 | 1210.80 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 0.36 | 420.30 |
| એચયુએલ | 0.23 | 2361.05 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂ. | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૫૦ | કોપરેલ | ૫૧૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૪૦ | સનફ્લાવર | ૨૨૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૩૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૨૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૯૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૯૬૧૦૦ |
| તેજાબી સોનું | ૯૬૦૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૯૧૨૯૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૯૪૧૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૯૬૧૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૯૭૭૦૦ |
| ચાંદી સિક્કા | ૯૯૨૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૪૦૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

# મોર્ગન સ્ટેનલીએ સેન્સેક્સની તેજીના અનુમાનમાં 12 ટકા ઘટાડો કર્યો

**82000** પોઇન્ટ સુધી પહોંચશે

**જો મંદી** યુએસ પર ત્રાટકશે તો સેન્સેક્સ ઘટીને 63000 થઈ જશે

મુંબઇ, તા. 15: મોર્ગન સ્ટેનલીએ ડિસેમ્બર 2025 સુધીમાં સેન્સેક્સના ટાર્ગેટને 12 ટકા ઘટાડીને 82000 કરી દીધો છે. જે અગાઉ લક્ષ્યાંક 93 હજારનો હતો. જો કે આ લક્ષ્યાંક હજુ પણ વર્તમાન સ્તરથી લગભગ 7 ટકા ઉપર છે અને મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે સેન્સેક્સમાં ડિસેમ્બર 2025 સુધી આ લક્ષ્ય સુધી પહોંચવાની 50 ટકા સંભાવના છે. મોર્ગન સ્ટેનલીએ જણાવ્યુ હતું કે જો ક્રૂડ ઓઇલના ભાવ બેરલદીઠ 100 ડોલરની ઉપર જળવાઇ રહેશે અને અમેરિકામાં મંદીનો માહોલ છે તો સેન્સેક્સ ઘટીને 63000 સુધી આવી શકે છે. ક્રુડ ઓઇલની કિંમતો વધવાથી મોંઘવારી વધશે અને આરબીઆઈ અપેક્ષાથી ઓછા વ્યાજ દરોમાં ઘટાડો કરશે.

મોર્ગન સ્ટેનલીએ જણાવ્યું કે ડિસેમ્બર 2025 સુધીમાં સેન્સેક્સ 82000 સુધી પહોંચવાની આશા છે. આ ધારણા એવી છે કે ક્રુડ ઓઇલના ભાવ સ્થિર રહેશે અને અર્થતંત્રમાં ખાનગી રોકાણ વધશે. આ સાથે આરબીઆઈ વ્યાજદરમાં અડધા ટકાનો ઘટાડો કરશે.

તેજીની સ્થિતિમાં મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે ડિસેમ્બર 2025 સુધીમાં સેન્સેક્સ 91000ના સ્તર પર પહોંચી જશે અને તેની સંભાવના 30 ટકા છે. આ ધારણા એવી કરવામાં આવી છે કે સરકાર જીએસટીના દરોમાં ઘટાડો કરશે અને કૃષિ કાયદામાં પણ પ્રગતિ થશે. મોર્ગન સ્ટેનલીને આશા છે કે જો ક્રૂડ ઓઇલના ભાવ બેરલદીઠ 100 ડોલરની ઉપર જળવાઇ રહે અને અમેરિકામાં મંદીનો માર ચાલુ રહે તો સેન્સેક્સ હાલના સ્તરેથી 22 ટકા ઘટીને 63000 પર આવી જશે. બ્રોકરેજ ફર્મના જણાવ્યા પ્રમાણે આવું થવાની શક્યતા 20 ટકા છે.

અમેરિકા સ્થિત આ કંપનીએ અગાઉ માર્ચમાં જાહેર કરેલી પોતાની આગાહીમાં જણાવ્યું હતું કે સ્થાનિક રોકાણને કારણે ભારત 2025માં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ઉભરતા બજારોમાંનું એક બની શકે છે.

આગામી એક વર્ષમાં સેન્સેકસ સામાન્ય સ્થિતિમાં 93000 પોઇન્ટના સ્તર પર સ્પર્શી શકે છે. જે 13.8 ટકાની તેજી દર્શાવે છે. ડિસેમ્બર 2025 સુધીમાં સેન્સેક્સ 105000ની સપાટીને સ્પર્શી શકે છે. જે વર્તમાન સ્તરથી 28.5 ટકા અપસાઇડ દર્શાવે છે. મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે જો બજારમાં મંદી આવે તો સેન્સેકસ હાલના સ્તરથી 24.3 ટકા ઘટીને 70000ના સ્તર સુધી પહોંચી જશે, જ્યારે ક્રુડ ઓઇલના ભાવ વધીને 110 ડોલર પ્રતિ બેરલ થઇ જશે, તો અમેરિકા મંદીની ચપેટમાં આવી જશે.

મોર્ગન સ્ટેનલીએ નાણાકીય વર્ષ 25 માટે ભારતના જીડીપી વૃદ્ધિના અનુમાનને ડિસેમ્બરમાં સુધારીને 6.3 ટકા કર્યું હતું. મલ્ટિનેશનલ ઈન્વેસ્ટમેન્ટ બેન્ક અને ફાઇનાન્શિયલ સર્વિસિસ કંપનીએ અગાઉ આ અંદાજ 6.7 ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો.

મોર્ગન સ્ટેનલીએ અગાઉ નાણાકીય વર્ષ 2025 માટે ભારતનો વિકાસ દર 6.7 ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું હતું. મોર્ગન સ્ટેનલીએ સપ્ટેમ્બર 2024માં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં વૃદ્ધિની મંદી બાદ આ ડાઉનગ્રેડ કર્યું છે.

# રોકાણકારોની સંપત્તિમાં 10.9 લાખ કરોડ રૂપિયાનો વધારો થયો

**ભારતીય** શેરબજારમાં પુનરાગમન, લિબરેશન ડે પછીના તમામ નુકશાનને ભૂંસી નાંખ્યું

મુંબઇ, તા. 15: ભારતીય શેરબજારે આજે પુનરાગમન કર્યું હતું, જેમાં લિબરેશન ડે પછીના તમામ નુકસાનને ભૂંસી નાખીને આગળ વધતો જોવા મળ્યો છે. સેન્સેક્સ 1750 પોઇન્ટથી વધુ ઊછળ્યો હતો અને નિફ્ટી 22300ને વટાવી ગયો હતો, જેણે એક જ દિવસમાં માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂ. 10.9 લાખ કરોડનો જંગી ઉમેરો કર્યો હતો. જે તાજેતરના મહિનાઓમાં સૌથી તીવ્ર સિંગલ-સેશન ગેઇન્સમાંનો એક હતો.

આ ઉછાળાના હાર્દમાં યુએસની વેપાર નીતિમાં મોડેથી ફેરફાર થયો હતો. ચીન સિવાયના તમામ દેશો પરના પારસ્પરિક ટેરિફને 90 દિવસ માટે મોકૂફ રાખ્યા છે, વોશિંગ્ટને સંકેત આપ્યો હતો કે તે ચીન સિવાયના મોટાભાગના દેશો માટે બદલો લેનારા ટેરિફમાં 90 દિવસનો વિલંબ કરશે. ભારતીય બજારો માટે આટલું જ પૂરતું હતું. ચીન સામેનું આ વલણ વૈશ્વિક કંપનીઓ દ્વારા ચાઈના પ્લસ વન ડાયવર્સિફિકેશનની ચાલથી લાભ મેળવતા શેરોમાં આખલાઓને ભડકતું રાખવા માટેનું એક કારણ હતું,

શેરબજારની રીકવરીમાં ફાઇનાન્શિયલ્સ અગ્રેસર રહ્યું, જેમાં 2 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો.